## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

રસ્તાના આ વળાંકે હું આજ પણ ઊભો છું,
એકાંતના ઇલાકે હું આજ પણ ઊભો છું.

જોયા નથી કદી પણ ચહેરા છે સૌ પરિચિત,
એવી ગલીના નાકે હું આજ પણ ઊભો છું.

અહીંથી જ નીકળે છે સૌ ઝાંઝવાની નદીઓ,
દોડીને કોણ થાકે ? હું આજ પણ ઊભો છું.

- બાબુલાલ ચાવડા ’આતુર’

### પાથેય

- રમેશ ઠક્કર

# એકાંતનો ઇલાકો...

જીવન ગતિમય છે..પૃથ્વી ફરે છે..હવા ફરફરે છે..દિવસ રાતની ઘટમાળ અવિરત ચાલતી રહે છે.ચાલવું એટલે ચીલાચાલુ અર્થમાં ચાલવું એમ નહી..માણસ કોઇપણ ધ્યેય વગર જયારે ચાલતો રહે છે ત્યારે એ સીધાસાદા રસ્તાનો મુસાફર હોય છે..ચાલવામાં જેમ નજાકત હોય એ જ રીતે કોઇક વળાંકે ઉભા રહી જવામાં પણ એક કસબ હોય છે.આ રીતે કોઇ જો ઉભા રહી જાય તો એનો સાથ આપનાર બહુ જૂજ હોય છે..એ મુકામ એકાંતના ઇલાકા જેવો હોય છે !

આવતાં જતાં આપણે એકબીજાને મળતા રહીએ છીએ..એ મળવું એટલે બસ મળવા ખાતર મળવું..આપણે રોજ મળતા હોઇએ એ ચહેરા પરિચિત હોઇ શકે પણ એ પરિચય સપાટી ઉપરનો હોય છે..ગલીમાં અનેક લોકોની આવજા થતી રહે છે..એમાં પસાર થનારા એકબીજાના પરિચિત હોવાના ભ્રમમાં આખી જિંદગી જીવતા રહે છે.ઓળખીતા હોવું એ અલગ વાત છે. કોઈકને અંતરંગ બનીને જોવું એ અનોખી વાત છે. ગલીના નાકે રોજ મળતા જાણીતા ચહેરાઓને નિરાંતે જોવાનો પણ એક આનંદ હોય છે..જે એકલા ઉભા રહી માણવા જેવો હોય છે.

કેટકેટલી ભ્રામક વાતોમાં આપણે અટવાતા ફરીએ છીએ ? સ્નેહનું એકાદ ઝરણું મળે એની સહુને તલાશ હોય છે..એ શોધમાં ઝાઝવાંની નદીઓ ઉભરાતી રહે છે.એની પાછળ દોડવામાં થાક લાગે એ સહજ વાત છે..માણસ જો એનું મિથ્યાપણું પામી જાય તો એ કોઇક મુકામ ઉપર ઉભો રહી જાય છે.દોડીને મોટાભાગે થાકી જવા જેવું હોય છે..વિરામ એ જ આમ તો આરામનો પર્યાય હોય છે...

આમ જોઇએ તો સર્જકો કલાકારો ચાલવાનો મહિમા ગાતા રહે છે..ઉભા રહેવાનો આનંદ પણ લૂંટવા જેવો છે..એમાં સંતોષ એક સહારા જેવો હોય છે..કોઇપણ ઘટનાને સહજ માની આજ અહીં ઉભો છું એમ કહેવામાં એક ખુમારીનો ભાવ પ્રગટતો હોય છે !

# છેલ્લો શો - ગુજરાતનું ગૌરવ

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાતને ગૌરવ થાય એવી એક ઘટના બની છે. ગુજરાતી રંગભૂમિ અને સિનેમા વિશે અત્યાર સુધી બહુ ઊંચો અભિપ્રાય નથી બંધાયો. જવલ્લે જ કોઈ સારું અને મૌલિક નાટક રજૂ થઈ જાય અને પછી એનું એ જ અન્ય ભાષાનાં નાટકોનું રૂપાંતરણ. સિનેમા ક્ષેત્રે તો એથી પણ વધારે માઠી દશા પ્રવર્તતી રહી છે. એવું નથી કે ગુજરાતી સાહિત્યમાં ફિલ્મો માટે અનુકૂળ એવી વાર્તા નથી. પરંતુ ફિલ્મ જગતમાં નાણાં રોકનારને તો બોકસ ઓફિસ જ નજર સામે રાખવી પડે છે. એટલે એ ક્ષેત્રમાં પ્રોડ્યુસર - ફાઈનાન્સિયર ગુજરાતી માણસ હોય તો પણ એ વાર્તા તો બહારની જ શોધે છે - મોટે ભાગે કોઈ અંગ્રેજી ફિલ્મનું અનુકરણ કરીને હિંદી ફિલ્મ બનાવાય છે. કલાસિકલનો આપણા સાહિત્યમાં તોટો નથી, પણ એ ‘સેલેબલ’ નથી ! આમ છતાં હિંમત દાખવીને કયારેક કોઈ નિર્માતા ગુજરાતી કૃતિઓને કચકડે જરૂર મઢે છે - એ ચાલે કે ન ચાલે એની પરવા કર્યા વગર. ખોટ ખાઈને ફિલ્મો બનાવનારા આવા પ્રોડ્યુસરોને આપણે સલામ જ કરીએ. બોક્સ ઓફિસ પર ટંકશાળ પાડતી ફિલ્મો કલાનાં માપદંડોમાં ઘણી વાર ઊણી ઊતરતી જોવા મળે છે. ‘બાહુબલી, આરઆરઆર’ કે ‘કાશ્મીર ફાઈલ્સ’ બોક્સ ઓફિસ પર મોટાં બેનરો બની શકે છે પણ ઑસ્કાર એવોર્ડ માટે સાવ ઓછા જાણીતા અમરેલીના વતની નલિન પંડ્યાની ઓછા બજેટ વાળી છતાં કલાનાં શિખરો સર કરતી ફિલ્મ ‘છેલ્લો શૉ’ નોમિનેટ થાય છે. ગુજરાત માટે આ ઘટના જરૂર ગૌરવ લેવા જેવી જ ગણાશે. પાન નલિનના નામે જાણીતા બનેલા આ નિર્માતાએ નવ વર્ષના બાળક સમયની વાર્તા વણી લઈને આ વિશિષ્ટ અને પ્રશિષ્ઠ ફિલ્મ બનાવી છે. ‘છેલ્લો શૉ’ એ સિનેમાને પ્રેમપત્ર છે. સૌરાષ્ટ્રના દૂરવર્તી ચલાલા ગામના નાનકડા સિનેમાઘરમાં ફિલ્મોનું પ્રોજેકશન કરતાં ફઝલ સાથે મૈત્રી કેળવીને કથાનાયક ફિલ્મો જોયા કરે છે. એનો સિનેપ્રેમ આ ફિલ્મનું હાર્ડ છે. સમીક્ષકોને તરત જ ૧૯૮૮માં રજૂ થયેલી પ્રસિદ્ધ ઈટાલિયન ફિલ્મ ‘સિનેમા પેરેડિસો’ યાદ આવી જાય એવી આ ગુજરાતી ફિલ્મને ઓસ્કાર એવોર્ડ માટે નોમિનેટ કરનાર જ્યુરીને ઘણી હિંમત દાખવી છે. કોરોનાકાળ શરૂ થયો એ પહેલાં આ ફિલ્મનું શૂટિંગ તો પૂરું થઈ ગયેલું પણ એ પછી એને પ્રેક્ષકો સુધી પહોંચાડવામાં લાંબુ લોકડાઉન નડ્યું. હવે એ એકાએક ભાગ્યોદય થયો હોય એમ આંતરરાષ્ટ્રીય ખ્યાતિની હકદાર બની રહી છે. ઈટાલિયન ફિલ્મ ‘સિમેમા પેરેડિયો’ પણ ૧૯૮૮ના વર્ષનો બેસ્ટ ફોરેન લેંગ્વેજ ઓસ્કાર જીતી હતી. આપણે શુભકામનાઓ પાઠવીને કે પાન નલિનની આ વિશિષ્ટ ફિલ્મને પણ એવું સન્માન સાંપડે. ‘ઢિસૂમ ઢિસૂમ’ કે ‘લવરા લવરી’ થી લઈ કારમી હિંસા અને રક્તપાત રજૂ કરતી મોટા બજેટવાળી હિંદી અને દક્ષિણ ભારતીય ભાષાની ફિલ્મોની સરખામણીમાં એક અમરેલીવાળો ફિલ્મ નિર્માતા બાજી મારી જાય - તે કોઈ નાનીસૂની ઘટના નથી. ગુજરાતીઓ પાસે દુનિયાનું સૌથી ફળદ્રુપ, મેધાવી મગજ છે. એની પ્રતીતિ વિવિધ ક્ષેત્રે અવારનવાર થતી રહી છે. ભગવાન કૃષ્ણ કે ભગવાન સ્વામિનારાયણ એમનું વતન છોડી ગુજરાતમાં વસ્યા એટલે પૂજાયા. ગાંધીજીએ જ સ્વતંત્રતાના આંદોલને પરિણામદાયક અંજામ સુધી પહોંચાડ્યું. પાકિસ્તાનના સર્જન પણ મૂળે તો ગુજારાતી જ, વળી આ પાન નલિનની જેમ ગાંધી અને ઝીણા - બેઉ અસ્સલ કાઠિયાવાડી. આખા દેશના સાહિત્યમાં ન લખાઈ હોય એવી પહેલી મહાનવલ ‘સરસ્વતીચંદ્ર’ પણ ગુજરાતચી સર્જની કલમે અવતરી હતી. સનાતન ધર્મમાં ઘૂસી ગયેલા પાખંડ સામે મેદાને પડી ઉત્તર ભારતને ઘેલું લગાડનારા ઋષિ દયાનંદ પણ ગુજરાતી. પેટ્રોલપંપ પર નોકરી કરતાં કરતાં ધીરુભાઈ અંબાણીએ રિલાયંસનું આર્થિક સામ્રાજય ઊભું કરી દીધું. દેશના સૌથી જૂના ઉદ્યોગગૃહના મહાનાયક તાતાને પણ કેમ ભૂલીએ ? અંબાણીની લાઈનમાં અદાણી એ હદે ઊંચકાયા કે આજે એ વિશ્વના બીજા નંબરના ધનકુબેર બની ગયા છે. એ સૌથી પણ વધુ નોંધપાત્ર છે વડનગરના અદના મધ્યમવર્ગી પરિવારમાં પ્રગટેલા રાષ્ટ્રનાયક - નરેન્દ્ર મોદી ! ગુજરાત આખરે ગુજરાત છે.

# પ્રામાણિક વ્યક્તિનું મૂલ્ય હોય છે ભ્રષ્ટ વ્યક્તિની કિંમત હોય છે!




**હવે એ સ્વેચ્છાયે**
**મને હંફાવી દે ત્વરિત ગતિના શ્વાસ ગધના.**
**ધ્રૂજે હાથે પ્યાલો, બધિર બનતો કાન,**
**હમણાં દીસે ઝાંખું ઝાંખું જગ, પળિયા શ્વેત બનતા.**
**ત્વચામાંથી પેલું તસતસપણું ગાયબ થયું.**
**હતોત્સાહી છે બે ચરણ, હરણાં એક સમયે.**
**સદાયે લાગી જે ચપલ ચપલા જીભ, લથડે.**
**હવે બોખા મોંએ ક્ષણ કઠણને કેમ ચગળું?**
**જઉં ફોટાફ્રેમે, વધઘટ નથી ઉંમર થતી.**

**- ચિનુ મોદી**

હાલ શ્રાદ્ધ ચાલી રહ્યા છે. લોકો પૂર્વજોનું શ્રાદ્ધ-તર્પણ કરી રહ્યા છે, તો બીજી તરફ એવા પણ લોકો છે જે જીવતાં મા બાપને પજવવામાં કશું જ બાકી રાખતાં નથી. માવતરને સારવારના પૈસા નથી આપતા તો કોઈ બે ટંક ભોજન પણ નથી આપતા. તો પછી માન સન્માન કે હૂંફની અપેક્ષા કેવી?!

દોસ્તો, પિતૃતર્પણ એટલે પિતૃઓને તૃપ્ત કરવા; સંતુષ્ટ કરવા. જે વિચારો માટે, જે ધર્મ અને સંસ્કૃતિ માટે જેમણે પોતાનું જીવન ખર્ચી નાખ્યું છે તે વિચારો, ધર્મ અને તે સંસ્કૃતિ ટકાવી રાખવા પ્રયત્ન કરવો, પૂર્વજોની આબરૂ-પ્રતિષ્ઠા વધે એવું વર્તન અને જીવન રાખીએ તો જરૂર તૃપ્ત થાય. દેવો, પિતૃઓ, ઋષિઓ રાજી રહે એવું જીવન જીવવું જોઈએ અને વર્ષમાં એક દિવસ જે પિતૃને, ઋષિને આપણે માન્યા હોય તેના શ્રાદ્ધ નિમિત્તે આપણે આપણા જીવનનું આત્મ પરીક્ષણ કરવું કે કેટલા આગળ વધ્યા કે ક્યાં ભૂલ્યા તેનો તટસ્થ ભાવે વિચાર કરવાના દિવસો... ટૂંકમાં શ્રદ્ધાપૂર્વકનું સ્મરણ એટલે શ્રાદ્ધ... પ...ણ... આજે આવું સમજનારા... વિચારનારા કેટલા?

’તમને મોટા કરવામાં આ વાળ ધોળા થઈ ગયા...’ આવા દલીલબાજ વડીલો અને તુંડ મિજાજી નબીરાઓ વચ્ચે ટકરાવ જામે એમાં કોઈ નવાઈ નથી. આજના બદલાતાં જીવન મૂલ્યો, વિભક્ત પરિવારો, બેરોજગારી, મોંઘવારી જેવી આર્થિક વિટંબણા જેવા અનેક કારણોસર બે પેઢી વચ્ચેનું અંતર સમસ્યાને વકરાવે છે. જૂની આંખે નવું ભાળનારા વડીલો ડગલેને પગલે અપેક્ષા ભંગ થતો અનુભવે છે ને દુઃખી દુખી થતા હોય છે.

હમણાં પરદેશથી વતન પાછા ફરેલા એક વડીલે ભારે હરખથી વિદેશના એડલ્ટ ડે કેર સેન્ટરની વાત કરી. પાંસઠથી વધુ વયના, સંભાળ ની જરૂર હોય અને દિવસ દરમિયાન ઘરે એકલા હોય તેવા વૃદ્ધોને સરકાર સહાયિત વૃદ્ધજન કેન્દ્રો આઠેક કલાક આ બુઝુર્ગોની સેવા સુશ્રુષા કરે છે. અને એ પણ ફાઈવસ્ટાર હોટલ કે સ્વર્ગ જેવી હોય... રામ રાજ્ય... સર્વોદય સમાજ... કલ્યાણ રાજ્ય... સામાજિક સુરક્ષા... જેવા બણગા ફૂકનારા આ દેશમાં આવું શક્ય ખરું?!!

મિત્રો વાર્ધકય એ તો જીવનનો એક હિસ્સો છે. ઢળતી ઉંમરે સ્વેચ્છાએ કે અનિચ્છાએ કામ-ધંધો કે અન્યમાંથી નિવૃત્ત થવું જ પડે. પણ સમાજ તો એમને ખોટા સિક્કા કે બિન ઉપયોગી ઘણી અવહેલના જ કરે છે. આખી જિંદગી વૈતરું કરનાર જૈફવયે કશું ઉત્પાદક યોગદાન આપી ન શકે, પૈસે ટકે પરાધીન હોય, શરીર નબળું પડ્યું હોય અને લાડકવાયા માં ફેરવી લે ત્યારે અકથ્ય લાચારી અનુભવે છે. ભલે વિજ્ઞાન અને ટેકનોલોજીએ અસાધારણ અદભુત સિદ્ધિ હાંસલ કરી, સફળતાની ગુલબાંગો પોકારીએ પણ માનવ દુઃખી છે અશાંત છે. દિવાનખંડના સોફા ઉપર બેઠા બેઠા ઈ-મેઈલ, સાયબર સ્પેસ, ઈન્ટરનેટ થકી અધ્યતન માહિતી ઘેર બેઠાં પળમાં મેળવનાર પોતાની પાસે જ એ જ સોફામાં બેઠેલાં પતિ-પત્ની, ભાઈ-ભાઈ, કે સાસુ-વહુ વચ્ચે કમ્યુનિકેશન નથી... મનનો મેળ નથી આનાથી મોટી વિડંબણા કઈ?

હું નાનપણમાં જે પહેલી કવિતા શીખ્યો તે...

"દાદાનો ડંગોરો લીધો, તેનો તો મેં ઘોડો કીધો, ઘોડો ચાલે રમઝમ, ઘૂઘરા વાગે ઘમ ઘમ." પછી થોડા મોટા થયા પછી પૂજાલાલ દલવાડી ની કવિતા...

‘અમારા એ દાદા વિપુલ વડના ઝુંડ સરખા વિશાળી છાયાએ સકલ અમ સંતાપ હરતા.’

અનુસંધાન પાના નં. ૭ પર

# માધવી મહિનામાં બાર-તેર દિવસ તો ઓફિસે મોડી જ પહોંચતી




રોજની જેમ આજે પણ મોડું થઈ ગયું હતું. ઉતાવળે ખભા ઉપર પર્સ નાખીને માધવી લગભગ દોડતી જ ઘરની બહાર ભાગી. માના ‘‘અરે, નાસ્તાનો ડબ્બો તો લેતી જા’’ શબ્દો હવામાં જ રહી ગયા. ‘‘બસ-સ્ટેન્ડ તો ઘરની પાસે જ છે પણ ખબર નહીં, પહોંચવામાં મોડું જ કેમ થઈ જાય છે’’, માધવી મનમાં ને મનમાં ગણગણી.

એનો ગભરાટ અકારણ પણ નહોતો. ગમે તેટલી ઉતાવળ કરતી તો ય માધવી મહિનામાં બાર-તેર દિવસ તો ઓફિસે મોડી જ પહોંચતી. એ તો સારું હતું કે બોસ સારા સ્વભાવના હતા અને માધવીની તકલીફ સમજતા હતા. બાકી બીજું કોઈ હોત તો એને ઘરે જ બેસાડી દીધી હોત.

આજે પણ માધવીની નજર સામે જ થોડે જ દૂરથી બસ નીકળી ગઈ. ‘‘અરેરે, હવે બીજી બસ કયારે આવશે?’’ બસ-સ્ટેન્ડથી થોડાં જ પગલાં દૂર રહી ગયેલી માધવીના મનમાંથી નિઃસાસો સરી પડ્યો.

અચાનક એના કાને શબ્દો અથડાયા. ‘‘મેડમ, તમારે કઈ બાજુ જવું છે?’’ માધવીની બાજુમાં અચાનક આવીને ઊભેલી એક કારમાંથી એક હેન્ડસમ યુવાન ડોકું બહાર તાણીને પૂછતો હતો. માધવી જરા ગૂંચવાઈ, ‘‘હેં? ના....ના.....બીજી બસ આવતી જ હશે.’’ યુવાન હસી પડ્યો, ‘‘આટલું લાંબું નામ તો કોઈ જગ્યાનું સાંભળ્યું નથી! ચિંતા ન કરો, હું દેખાઉં છું એટલો પણ ખરાબ નથી!’’ માધવીથી અનાયાસે બોલાઈ ગયું, ‘‘તમે જરા ય ખરાબ દેખાતા નથી.’’ જવાબમાં યુવાને કારનું ડોર ખોલી નાખ્યું, ‘‘તો ઝડપથી બેસી જાવ. તમને ટાઈમસર પહોંચાડવાની જવાબદારી મારી.’’

કોઈક અકળ ખેંચાણથી દોરાઈને માધવી કારમાં બેસી ગઈ. કાર સડસડાટ રસ્તા ઉપર દોડવા લાગી. થોડીક ચૂપકીદી પછી માધવીએ જ પહેલ કરી, ‘‘તમે પૂછ્યું નહીં કે મારે ક્યાં જવાનું છે?’’ યુવાનના ચહેરા ઉપર હળવું સ્મિત છવાઈ ગયું, ‘‘મેડમ, ડરો નહીં. હજી રસ્તા ઉપર ક્યાંય વળાંક નથી આવ્યો. અને યુ-ટર્ન અહીં પ્રતિબંધિત છે. સીધો રસ્તો પૂરો થાય એ પહેલાં હું તમને પૂછવાનો જ હતો.’’ માધવી બોલી, ‘‘મારે ‘ક્યોર ફાર્માસ્યુટિકલ્સ’માં જવાનું છે. હું ત્યાં જોબ કરું છું.’’ એટલું બોલતાં એને જોરદાર ઉધરસ આવી ગઈ.

યુવાન સહેજ ગંભીર બન્યો, ‘‘ત્યાં તો હું તમને પહોંચાડી દઈશ. મારે પણ એ બાજુ જ જવાનું છે, પણ તમને આ ઉધરસની તકલીફ કેટલા સમયથી છે?’’ માધવીના ચહેરા ઉપર સ્મિત આવી ગયું, ‘‘તમે તો એવી રીતે પૂછો છો કે જાણે તમે ડોક્ટર છો.’’ યુવાન સ્વસ્થ અવાજે બોલ્યો, ‘‘હું ડોક્ટર જ છું. તમારી ‘ક્યોર ફાર્માસ્યુટિકલ્સ’ની સામે જે ગવર્નમેંટ હોસ્પિટલ છે એમાં ફરજ બજાવું છું.’’ માધવી સડક થઈ ગઈ.

‘‘આ તકલીફને લીધે જ મારી સમયની બધી ગણતરીઓ ઊંધી વળી જાય છે અને હું ક્યાંય સમયસર પહોંચી શકતી નથી’’, એ ઢીલા અવાજે બોલી. યુવાન સહેજ હસ્યો, ‘‘માફ કરજો પણ તમે હંમેશાં પ્રશ્નનો સીધો જવાબ નથી આપતાં. મેં તમને પૂછ્યું કે તમને આ તકલીફ કેટલા સમયથી છે.’’

‘‘છેલ્લા પાંચેક મહિનાઓથી. ઘણી દવા કરાવી પણ કોઈ ફરક ન પડ્યો’’, માધવીને આ યુવાન જરા ‘‘મુંહફટ’’ તો લાગ્યો પણ એનું અવલોકન ખોટું છે એમ પણ કહી શકાય એમ નહોતું! યુવાન ફરી પાછો હળવા અંદાજમાં આવી ગયો, ‘‘સાચું બોલ્યાં તે સારું કર્યું. આમે ય છેલ્લા દોઢેક મહિનાથી તો હું તમને ઓબ્ઝર્વ કરું છું. કેમકે હું તમારા બસ-સ્ટેન્ડની સામેના જ બિલ્ડીંગમાં રહું છું, તમારા જવાના સમયે જ હોસ્પિટલ જવા નીકળું છું અને તમારા ચહેરા ઉપર મોડું થયાની અકળામણને રોજ વાંચું છું.’’ માધવીને ગુસ્સે થવું કે નહીં એની ખબર ન પડી.

કાર રસ્તો કાપતી રહી. વાતો થતી રહી. ‘ક્યોર ફાર્માસ્યુટિકલ્સ’ આવ્યું ત્યાં સુધીમાં એક વાત જે અણકહી રહી તે એ હતી કે બીજા દિવસે પણ માધવીને મોડું જ થશે અને પ્રિયેશ-ડો. પ્રિયેશ એને ઓફિસે પહોંચાડશે!

પછી તો ‘ક્યોર ફાર્માસ્યુટિકલ્સ’ અને ગવર્નમેંટ હોસ્પિટલનું અંતર ઘટતું ચાલ્યું! પ્રિયેશ કેન્સર વિભાગમાં ડોક્ટર તરીકે નવો-નવો જોડાયો હતો પણ એનું કામ અને સ્વભાવ-બંનેને લીધે એ આખી હોસ્પિટલમાં લોકપ્રિય થઈ પડ્યો હતો. પણ એ જ વાત માધવીને ઘણી વાર ખૂંચતી. દરેક વાતની એક હદ હોય. એક વાર તો ઓફિસેથી વહેલી છૂટીને માધવી એની હોસ્પિટલમાં જઈ ચડી તો પ્રિયેશ સ્ટાફની નર્સો સાથે મજાક-મસ્તી કરતો નજરે ચઢ્યો! માધવીના ગુસ્સાની આગમાં ઘી ત્યારે હોમાયું જ્યારે એ બેફિકરાઈથી ખભા ઉલાળીને બોલ્યો, ‘‘એમાં શું? એ તો હિનાને વ્હાઈટ ચોકલેટ ભાવે છે એટલે હું એને ખવડાવતો હતો! કેમ, એ કઈ ગુનો છે? આવી બધી પાબંદી મારા ઉપર નહીં લાદવાની.’’

માધવી તમતમી ગઈ. એક તો તનની બીમારી ઓછી હતી કે મનની બીમારીનો બોજ પણ ઉઠાવવાનો? એ પછી તો પ્રિયેશે એને બહુ મનાવી અને કહ્યું કે ભલે એની સાથે કોઈ સંબંધ ન રાખે પણ એની ઉધરસનો ઈલાજ કરાવે અને અમુક ટેસ્ટ કરાવી લે. ભાવુક અને ભોળી માધવી ખુશ થઈ ઊઠી. ચાલ મન, એટલી તો એને પરવા છે! ટેસ્ટ માટે સેમ્પલ આપ્યા પછી ઘણા દિવસ સુધી પ્રિયેશ એને મળ્યો નહીં. માધવી આખરે તો પ્રેમિકા હતી. એને ય પ્રિયેશને મળવું હતું પણ અહંનો પ્રશ્ન હતો. ક્યા બહાને મળવું?

છેવટે એક દિવસ એણે ફરી હોસ્પિટલ પર રેડ પાડી. પણ ત્યાં જઈને તો ખબર પડી કે ડો. પ્રિયેશ રજા ઉપર છે. પણ ડો. પ્રિયેશનો મોબાઈલ નંબર તો માધવી પાસે હતો ને? માધવીએ અધીરાઈ કળાઈ ન જાય એટલી સ્વસ્થતા રાખીને ફોન કર્યો, ‘‘હલો, પ્રિયેશ! હું હોસ્પિટલ ગઈ હતી. તું રજા ઉપર છે એવી ખબર પડી.’’ સામેથી પ્રિયેશનો રુક્ષ સ્વર સંભળાયો, ‘‘હઁ.....તે શું કામ હતું, બોલ? હું બહાર છું મારી ફ્રેન્ડ સાથે.’’

માધવી ઘા ખાઈ ગઈ. માંડ-માંડ એણે બહાનું કાઢ્યું, ‘‘મારા રિપોર્ટ્સ જાણવા હતા.’’ ફરી એ જ રૂક્ષતા- ‘‘તો જાણી લે ને હોસ્પિટલમાંથી. હું કંઈ તારા રિપોર્ટ્સ ગજવામાં લઈને ફરું છું?’’ માધવી એ આઘાતમાંથી બહાર આવે ત્યાં એના ઉપર ફરી વજાઘાત થયો, ‘‘છતાં તને બહુ જાણવાની તાલાવેલી હોય તો સાંભળી લે કે તને ગંભીર બીમારી છે. અને આવી બીમાર વ્યક્તિ જોડે જીવવાની મને કોઈ ઈચ્છા નથી. તારે જ્યાં ઈલાજ કરાવવો હોય ત્યાં કરાવજે પણ મને હવે હેરાન ન કરતી. આમે ય તારી કચકચથી હું કંટાળ્યો છું.’’

અનુસંધાન પાના નં. ૭ પર

# સફળ થવા માટે સફર થવું જરૂરી છે




માની લો કે તમે એક સુથાર છો અને એક સુંદર લાકડાનું કબાટ બનાવી રહ્યા છો. કબાટ બનાવતા એની પાછળનો ભાગ કોઈ જોવાનું નથી, એ હંમેશા દીવાલ તરફ જ રહેવાનો છે એ જાણવા છતાં તમે એને જેવો તેવો નથી બનાવતા, ત્યાં પણ મહેનત કરી સુંદર ઘાટ આપો છો તો તમે રોજ રાત્રે આરામથી સૂઈ શકો છો. તમારી કળા પ્રત્યે તમે સજાગ છો. તમારી સૌંદર્ય જોવાની દ્રષ્ટિ હજી સલામત છે અને સૌથી મહત્વનું હજી તમે તમારી જાતને છેતરવાનું નથી શીખ્યા. તમે ચોક્કસ સફળ થઈ શકશો.

આ એક સાદી વાત છે, બીજાને છેતરતા પહેલાં સૌથી પહેલા પોતાની જાતને છેતરવી પડે છે! આજે તમારા હાથે રસોઈ જોઈએ એવી સ્વાદિષ્ટ નથી બની ત્યારે તમે જાતે જ જો તમારી ભૂલ નહીં માનો તો થઈ રહ્યું. તમને એવી જ ઉતરતા સ્વાદવાળી રસોઈ બનાવવાની આદત પડી જશે એને ધીમે ધીમે તમારી સુંદર રસોઈ બનાવવાની કળા વિસરાઈ જશે. આ વાત ફક્ત રસોઈને નહીં પણ દરેક જગ્યાએ લાગુ પડે છે. તમે જ્યારે પણ કોઈ નવીન વસ્તુનું સર્જન કરો છો ત્યારે એ દરેક જગ્યાએ લાગુ પડે છે. તમે શું કમાલ કરી શકો છો એ તમારાથી વધારે સારી રીતે કોઈ નથી જાણતું.

હવે આવી બધા સલાહ હું આપ્યા કરું તો તમને થશે કે આ તો લેખક છે, દર અઠવાડિયે એક આર્ટીકલ અહીંયા મૂકવાનો હોય એટલે આવું બધું લખ્યા કરે, ખરું? તમે મારી વાત વધારે ગંભીરતાથી નહીં લો, પણ હું એમ કહું કે આ વાત સ્ટીવ જોબ્સ નામના ભાઈએ એમના એક ઈન્ટરવ્યૂ દરમિયાન કહેલી છે ત્યારે? ત્યારે આજ વાતનું વજન વધી જાય છે, એ વધારે સાચી લાગવા લાગે છે, સાચું ને?

કોઈને હજી યાદ ના આવ્યું હોય કે આ સ્ટીવ જોબ્સ એટલે કોણ વળી તો કહી દઉં, અડધું ખાધેલું સફરજન કયા ફોનનો સિમ્બોલ છે? એ ફોન યાદ કરો. એપલ..! તરત યાદ આવી ગયું ને! સ્ટીવ જોબ્સ એટલે એપલ નામના ફોનની કંપનીના ઘડવૈયા. દુનિયાના ટોચના ધનવાનોમાંના એક. આજે આપણા દેશનો એક આમ નાગરિક પણ એપલ ફોન વિશ, એના કમ્પ્યુટર વિશે જાણે છે. એ મોંઘુ પડે તોય ખરીદવાની ઈચ્છા રાખે છે, કેમ? કેમ કે આજે એ કંપનીએ લોકોના મનમાં એની બ્રાન્ડ વિશે, એની ક્વોલિટી વિશે એ વિશ્વાસ ઊભો કર્યો છે અને છેલ્લા કેટલાય વરસોથી એમણે આ વિશ્વાસ ટકાવી રાખ્યો છે.

તમે કોઈ માણસને જુઓ છો. સાદી કાળા રંગની કોલર વગરની ટીશર્ટ, લેવિસનું જીન્સ અને પાતળી ફ્રેમના ચશ્મા પહેરેલો એક દુબળો પાતળો માણસ. તમને પહેલી નજરે થશે કે આનામાં શું જોવા જેવું છે અને તમારી નજર પછી એના ચહેરા પર જશે. તમને એ થોડો પ્રભાવશાળી લાગશે. એ માણસ બોલવાનું ચાલું કરશે, જે બધું એ ઘરેથી કાગળમાં ટાઈપ કરીને લાવેલો એ વાંચવાની શરૂઆત કરશે અને થોડું વાંચ્યા બાદ એ કાગળ તરફ નજર કરવાને બદલે એની મેળે એને જે ઈચ્છા થાય એ કહેવા લાગશે...ત્યારે? શરૂઆતમાં સામાન્ય, પછીથી થોડોક પ્રભાવશાળી લાગેલો એ માણસ છેલ્લે તમને ઊભા થઈ તાળીઓ પાડવા મજબૂર કરી જશે. એ માણસ એટલે ફરી સ્ટીવ જોબ્સ.

તમારો બાહ્ય દેખાવ કોઈકને બે મિનિટ આકર્ષિત કરી શકે છે પણ એથી આગળ તો તમને તમારા વિચારો જ લઈ જશે. તમને થશે કે એ તો બાળપણથી સારા ઘરમાં ઉછર્યા હોય, ભણવામાં પહેલેથી ખૂબ હોશિયાર હોય ત્યારે આવી સફળતા મળે. ના. સફળ થવા માટે સારા ઘરમાં જન્મ લેવાથીય અધિક સફર થવું જરૂરી છે.

એક છોકરી કોલેજમાં ભણતી હતી અને એને એક છોકરા સાથે પ્રેમ થઈ ગયો. છોકરીએ જ્યારે એના પિતાને એના પ્રેમ વિશે જાણ કરી ત્યારે પિતા ના માન્યા. એમના મતે એ છોકરો એમની દીકરી માટે યોગ્ય નહતો. છોકરી એ સમયે ગર્ભવતી હતી. એણે પછી નક્કી કર્યું કે એ આવનારા સંતાનને જન્મ આપશે અને પછી એ બાળક કોઈને દત્તક આપી દેશે. એને ત્યાં દીકરાનો જનમ થયો ત્યારે જોબ્સ નામનું એક દંપતિ એને મળવા આવ્યું હતું અને એમણે એ બાળકને દત્તક લેવાની ઈચ્છા બતાવી. છોકરી માની ગઈ, દંપતિ સારું હતું અને એમને એમનું પોતાનું સંતાન થાય એવી કોઈ શક્યતા નહતી. છોકરીએ શરત કરેલી કે તમે ભલે ભવિષ્યમાં ગમ્મે તેવી પરિસ્થિતિમાં હો તમે આ બાળકને કોલેજ સુધી જરૂર ભણાવશો. જોબ્સ દંપતિએ એ વાત સ્વીકારી લીધી અને જે બાળકને એ ઘરે લઈ આવ્યા. એ બાળક એટલે સ્ટીવ જોબ્સ. દુનિયાના સૌથી ધનિક માણસોમાંનો એક જે બાળપણમાં એના પાલક પિતાને ગેરેજમાં ગાડીઓ રિપેર કરવામાં મદદ કરતો હતો. કદાચ ત્યાંથી જ એને નવી રીતે વિચારવાની દૃષ્ટિ પ્રાપ્ત થઈ હશે.

સ્ટીવને ખબર હતી કે આ એના સાચા માબાપ નથી પણ એમણે એ બાબતે ક્યારેય ફરિયાદ નથી કરી. એમને મન તો જોબ્સ દંપતિ જ એક હજાર ટકા એમના માબાપ છે. સ્કૂલમાં ભણવામાં એ હોશિયાર હતા, દરેક વખતે સારા ગ્રેડ લઈ આવતા પણ તોફાની કહેવાતા. ભણવામાં મન નહતું લાગતું. કોલેજ બાદ એ એક કંપનીમાં નોકરી કરતા થયેલા અને અચાનક જ સાત મહિનાની રજા પર ઉતરી ભારત આવી ગયેલા...

માણસના ઘડતરમાં સંજોગ કેટલો મહત્વનો ભાગ ભજવે છે એ જુઓ. સ્ટીવ જ્યારે કોલેજમાં ભણતા ત્યારે કોકાકોલાની બાટલી રિસાયકલ કરી થોડાક સેન્ટ કમાઈ લેતા અને જમવા માટે બાજુમાં આવેલા હરે કૃષ્ણના મંદિરે જતા. મંદિર જવાનું કારણ મફત ભોજન જ હતું પણ ભોજન સાથે ત્યાંનું વાતાવરણ અને વિચાર એમને અડી ગયેલા. ભારત આવી એમણે અધ્યાત્મ ઉપર વિવિધ ગુરુને મળીને જ્ઞાન મેળવેલું. બૌદ્ધ ધર્મ વિશે જાણકારી મેળવેલી અને એનાથી એ એટલા તો પ્રભાવિત થયેલા કે આખી જિંદગી એક બૌદ્ધ સાધુ બનીને વ્યતીત કરવાનો નિર્ણય કરેલો.

એમના દેશમાં પાછા ફર્યા બાદ સ્ટીવ જોબ્સ સાધુ બનવાને બનવાને બદલે કમ્પ્યુટર બનાવવામાં લાગી પડયા અને આખી દુનિયામાં નામ કાઢ્યું. એમનો એક જ સિદ્ધાંત જ હતો ક્વોલિટી સાથે કોઈ બાંધછોડ નહીં કરવી અને જનતાને દરેક વખતે કંઈક વધારે ઉપયોગી, વધારે સારું આપવું. એ જ્યારે પણ હતાશ થયા ત્યારે આધ્યાત્મિક જ્ઞાન એમની મદદે આવેલું અને આજે જુઓ...એમનું બટકું ભરેલું સફરજન આખી દુનિયામાં ફેમશ છે!

આજે જ્યાં જોઈએ ત્યાં ભણેલા, ખૂબ વધારે ભણેલા છોકરાઓ નોકરી માટે અને તે પણ સરકારી નોકરી માટે લાઈન લગાવીને ઉભેલા દેખાય છે. એમની પાસે આવડત કે મહેનતની કમી નથી પણ યોગ્ય માર્ગદર્શનનો અભાવ છે. એમને જો ખરેખર ધંધો કરવામાં રસ જાગે અને કંઇ નવું ઉત્પાદન કરી શકે તો એમનું અને એમના થકી આપણાં દેશનું ભાવિ બદલાય શકે છે.

**અમસ્તું,**

જે વ્યક્તિ દિવસની દસ મિનિટ કોઈ સફળ થયેલાને વાંચવા કે સાંભળવામાં ખર્ચી શકે એને હતાશા હેરાન નથી કરતી.

ફેસબુક : @Niyatikapadia,
ઈંસ્ટાગ્રામ : @kapadianiyati, @Niyati_Kapadia